મહામારીનું મહાસંકટ

**રાજ્યમાં નવા ૨૧૭ કેસ : કુલ ૨૬૨૪ કેસ**

**અમદાવાદમાં નવા ૧૫૧ કેસ : કુલ ૧૬૫૨**

કર્મ મારું કરતા કરતા, હારી ન જાઉં કદી, અમીદૃષ્ટિ રાખ મુજ પર, એક સંગ તું છે હરી

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૪ | ૨૪ એપ્રિલ, ૨૦૨૦, શુક્રવાર; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સરકારી કર્મચારી-પેન્શનરોનું ડીએ ફ્રીઝ

**પહેલી જાન્યુઆરી ૨૦૨૦થી પહેલી જુલાઈ ૨૦૨૧ સુધીની અવધિ માટે ડીએ ફ્રીઝ કરવાનો નિર્ણય : ૧.૧૩ પરિવાર પર પ્રતિકુળ અસર થવાની વકી : કોરોનાના કારણે ઉભી થયેલી અભૂતપૂર્વ કટોકટી વચ્ચે ફેંસલો**

નવીદિલ્હી, તા. ૨૩

કોરોના વાયરસના પરિણામ સ્વરુપે ઉભી થયેલી અતિ જટિલ સ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારની હાલત પણ નાણાંકીય મોરચા પર નાજુક બનેલી છે. આવી સ્થિતિની વચ્ચે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને પણ થોડીક કિંમત ચુકવવાની ફરજ પડનાર છે. આના ભાગરુપે જ નિર્ણયોની શરૂઆત થઇ ચુકી છે. સરકારે પહેલી જાન્યુઆરી ૨૦૨૦ સુધી પહેલી જુલાઈ ૨૦૨૧ સુધીની અવધિ માટે કેન્દ્રીય કર્મચારીઓને આપવમાં આવનાર મોંઘવારી ભથ્થાને ફ્રીઝ કરવાનો નિર્ણય કર્યો છે. આનો મતલબ એ થયો કે, કેન્દ્રીય કર્મચારીઓને પહેલી જુલાઈ ૨૦૨૧ સુધી મોંઘવારી ભથ્થુ મળશે નહીં. આવી જ રીતે કેન્દ્ર સરકારના પેન્શનરોને આપવામાં આવનાર મોંઘવારી રાહતને પણ ફ્રીઝ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને મુશ્કેલી પડી શકે છે. કોરોના વાયરસના લીધે દેશભરમાં આર્થિક સ્થિતિ દિનપ્રતિદિન નબળી પડી રહી છે. કેન્દ્રીય નાણામંત્રાલયના અધિકારીઓ પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને આ ભથ્થા ફ્રીઝ કરવાથી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં સરકારને કુલ ૩૭૫૩૦ કરોડ રૂપિયાની બચત થશે. આનો મતલબ એ થયો કે, કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને ડીએના ત્રણ હપ્તાથી હાથ દોવા પડશે. હવે તેમને ડીએની આગામી રકમ પહેલી જુલાઈ ૨૦૨૧ બાદ જ મળશે. સરકારના આ નિર્ણયથી ૧.૧૩ કરોડ પરિવારો પર અસર થશે. આ નિર્ણયથી કેન્દ્ર સરકારના આશરે ૪૮ લાખ કર્મચારીઓ

● અનુસંધાન પાન-૭ પર

- **પહેલી જાન્યુઆરી ૨૦૨૦થી પહેલી જુલાઈ ૨૦૨૧ સુધીની અવધિ માટે ડીએ ફ્રીઝ**
- **પેન્શન કર્મીઓને મળનાર મોંઘવારી રાહતને પણ ફ્રીઝ રાખવાનો નિર્ણય**
- **નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં સરકારને ૩૭૫૩૦ કરોડની બચત થશે**
- **કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને ત્રણ ઇન્સ્ટોલમેન્ટથી હાથ ધોવા પડશે**
- **કોરોના વાયરસની અભૂતપૂર્વ સ્થિતિ વચ્ચે નિર્ણય કરાયો**
- **રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે ડીએ અને ડીઆર ફ્રીઝ કરવાથી ૮૨૫૫૬ કરોડ રૂપિયાની બચત થશે**
- **કેન્દ્ર અને રાજ્યોની કુલ બચતનો આંકડો આ નિર્ણયથી ૧.૨૦ લાખ કરોડનો થઇ જશે**
- **કોરોના વાયરસની સામે લડવામાં આ જંગી રકમ ખુબ ઉપયોગી સાબિત થશે**
- **મોંઘવારી ભથ્થાના એડિશનલ ઇન્સ્ટોલમેન્ટની ચુકવણી નહીં કરવાનો ફેંસલો કરાયો**
- **છેલ્લા કેટલાક દિવસથી આને લઇને અટકળો ચાલી રહી હતી**
- **પેન્શનરોને પણ નુકસાન થશે**
- **સરકારના નિર્ણયથી કેન્દ્ર સરકારના ૪૮ લાખ કર્મચારીઓને અસર થશે**
- **સરકારના નિર્ણયથી ૬૫ લાખ પેન્શનરોને અસર થશે**
- **એકંદરે ૧.૧૩ કરોડ પરિવારોને સીધો ફાયદો થશે**




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૬૭૫૧૦૪ | ૧૮૭૩૯૭ | ૧૦૯૨૮૧૨ |
| ભારત | ૨૧૭૯૩ | ૬૯૨ | ૪૩૭૬ |
| ગુજરાત | ૨૬૨૪ | ૧૧૨ | ૨૫૮ |
| ગાંધીનગર | ૧૮ | ૦૨ | ૧૩ |

# મોદી છે તો ટેન્શન નથી

**૯૩.૫ ટકા દેશવાસીઓને પૂર્ણ વિશ્વાસ :દેશ દુનિયામાં કોરોના સામે લડવામાં મોદી પ્રથમ ક્રમાંકે આવ્યા : સરકાર કોરોના સંકટ વચ્ચે શાનદાર કામો કરી રહી છે તેમ માનનારા લોકોની ટકાવારી ૯૩.૫ ટકાથી વધુ : લોકડાઉનથી મોદી સરકાર પર વિશ્વાસ વધ્યો**

નવીદિલ્હી, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોના સંકટ સામે લડવામાં દેશ અને દુનિયાનો વિશ્વાસ જીતી રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં ૯૩ ટકાથી વધારે ભારતીય લોકોને વિશ્વાસ છે કે, મોદી સરકાર કોરોના સંકટને યોગ્યરીતે હાથ ધરી રહી છે. બીજી બીજુ અમેરિકી સર્વે કંપની મોર્નિંગ કન્સલ્ટે પોતાના સર્વેમાં મોદીની એપ્રુવલ રેટિંગ તમામ ગ્લોબલ લીડર કરતા વધારે દર્શાવી છે. મોદી છે તો ટેન્શન નથી તેમ માનનાર ૯૩ ટકા લોકો રહ્યા છે. આ લોકો માની રહ્યા છે કે, લોકડાઉનની ઘોષણા બાદથી મોદી સરકાર ઉપર લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. એક દિવસમાં મોદી સરકાર પર વિશ્વાસ કરનાર લોકોમાં ૧૦.૫ ટકાનો વધારો થઇ ગયો છે. તેમની લોકપ્રિયતા અવિરતરીતે વધી રહી છે. મોદીએ કોરોના વોરિયર્સનો જુસ્સો વધારવા માટે બે વખત પ્રજાને અપીલ કરી ચુક્યા છે. તેમની અપીલ ઉપર લોકોએ ૨૨મી માર્ચના દિવસે થાળી, તાળી, ઘંટી અને શંખ વગાડ્યા હતા ત્યારબાદ પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગે નવ મિનિટ માટે ઘરની લાઈટો બંધ કરી દેવામાં આવી હતી અને મિણબત્તી, ટોર્ચ અને ફ્લેશ લાઈટ જલાવવામાં આવી હતી. તેમની કુશળતાના પરિણામ સ્વરુપે વિશ્વભરમાં તેમની પ્રશંસા થઈ રહી છે. કોરોના સામેની લડાઈમાં પહેલાથી જ મોદી એક્શનમાં દેખાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- કોરોના વાયરસનું સંક્રમણ એકાદ મહિનામાં અટકી જશે એવું માની લેવું નહિ એમ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ જણાવ્યું છે.
- ચંદીગઢની પીજીઆઈએમઈઆર હોસ્પિટલના જણાવ્યા મુજબ ૬ મહિનાના બાળકનું મૃત્યુ કોરોના પોઝિટિવ અને હાઈપર ટેન્શનથી થયું છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલની ટેલીફોન દ્વારા ખબર અંતર પૂછી હતી.
- ચીને વધુ ૩૦ મીલીયન ડોલર વિશ્વ આરોગ્ય સંસ્થાને દાન પેટે આપ્યા.
- પાટણમાં કોરોના સારવારમાં રિકવર થયેલ બે દર્દીઓ ૫૫ વર્ષની મહિલા અને ૬૦ વર્ષના પુરુષને કોરોના પોઝિટિવ આવવાની દેશમાં પ્રથમ ઘટના બની.
- રાજ્યની કોરોના સંક્રમિતોની પરિસ્થિતિ

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૪૨૭ |
| ગુજરાત | ૨૬૨૪ |
| દિલ્હી | ૨૩૧૨ |
| રાજસ્થાન | ૧૯૪૦ |
| તામીલનાડુ | ૧૬૭૯ |
| મધ્યપ્રદેશ | ૧૬૦૨ |

# અમદાવાદ-મુંબઈમાં રિકવરી દર ઓછો

**પાંચ મેટ્રો શહેરોમાં મોતનો દર વધારે હોવાનો ખુલાસો : મંબઈમાં રિકવરી રેટ ૧૩ ટકા તેમજ અમદાવાદમાં ૧૦ ટકા : રાષ્ટ્રીય સ્તરે રિકવરી રેટ ૧૯ ટકાથી વધુ**

નવી દિલ્હી, તા. ૨૩

મુંબઈ, ઈન્દોર, જયપુર, અમદાવાદ જેવા દેશના પાંચથી વધુ મેટ્રો શહેરોમાં કોરોના વાયરસથી અસરગ્રસ્ત દર્દીઓના સ્વસ્થ થવાનો દર ખુપ ઓછો છે અને મોતનો દર ખુબ ઉંચો છે જેના કારણે કેન્દ્ર સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ વિસ્તારોમાં કોરોના સંક્રમણના મામલા અને વાયરસથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ મહાનગરોએ વાયરસની રોકધામ માટે છેલ્લા ૧૦ દિવસમાં કેન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા બે ગણી કરીને યુદ્ધસ્તરે ટેસ્ટિંગની પ્રક્રિયા હાથ ધરી હોવા છતાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી. રાષ્ટ્રીય સ્તર પર કોરોના દર્દીઓના સ્વસ્થ થવાનો દર ૧૯ ટકાથી વધારે છે. આ મામલામાં દેશના પાટનગર દિલ્હીમાં રેકોર્ડ સારો રહ્યો છે. અહીં રિકવરી રેટ ૨૮ ટકા છે જ્યારે મુંબઈ, ઈન્દોર, જયપુર જેવા દેશના પાંચથી મેટ્રો શહેરોમાં સંક્રણમના મામલા અને વાયરસથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધી રહી છે. અલબત્ત કેટલીક જગ્યા પર ટેસ્ટિંગની પુરતી સુવિધા મળી રહી નથી. કેન્દ્ર સરકારના ડેટા મુજબ રાષ્ટ્રીય સ્તર પર રિકવરી રેટ ૧૯ ટકાથી વધારે છે પરંતુ મુંબઈ, અમદાવાદ, ઈન્દોર, જયપુરમાં કોરોના દર્દીઓના રિકવરીનો રેટ ઓછો છે. જયપુર અને ઈન્દોરમાં રિકવરી રેટ ૮ ટકા છે જ્યારે અમદાવાદમાં રિકવરી રેટ ૧૦ટકા છે. મુંબઈમાં રિકવરી રેટ ૧૩ ટકા છે જ્યાં સંક્રમણના સૌથી વધારે મામલા છે. મુંબઈ મહાનગર વાયરસથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યાના મામલામાં પણ સૌથી આગળ છે.



## દેશભરમાં લોકડાઉનની મર્યાદાને વધુ વધારવા માંગ

**રમજાનને ધ્યાનમાં લેવા માટે વડાપ્રધાનને પત્ર : રમઝાન માસની શરૂઆત થયા બાદ ૨૩-૨૪ મેના દિવસે ખતમ થશે : રમઝાનમાં સામુહિક કાર્યક્રમોની વધુ આશંકા**

નવી દિલ્હી, તા. ૨૩

મુસ્લિમ સમુદાયના પવિત્ર રમઝાન મહિનાની હવે શરૂઆત થઈ રહી છે ત્યારે લોકડાઉનની અવધિને વધુ વધારી દેવા માટેની માંગ કરવામાં આવી ચુકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ આ માંગ લેખિતમાં પહોંચી ચુકી છે. રમઝાનની શરૂઆત થયા બાદ આ પવિત્ર મહિનાની હવે ૨૩-૨૪ મેના દિવસે પૂર્ણાહુતિ થનાર છે. આશંકા એ રહેલી છે કે લોકો આ તહેવાર દરમિયાન મોટા પાયે ખરીદી કરવા માટે બહાર નિકળનાર છે. આવી સ્થિતીમાં એકબીજાની સાથે મેળ મિલાપ પણ કરનાર છે. ઈફતાર પાર્ટી જેવા ભીડભાડવાળા આયોજનમાં કોરોનાનો ખતરો વધી જાય છે. મૌલાના

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં નવા ૧૪૦૯ કેસ : મૃત્યુ આંક ૬૮૦ સંક્રમિતોની સંખ્યા ૨૧,૦૦૦ને પાર

**કોરોનાની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં જોવા મળી**

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશ અને વિશ્વમાં કોરોના વાઈરસનો પ્રકોપ યથાવત છે. ભારતમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૧ હજારને પાર પહોંચી ચૂકી છે. દેશમાં આ વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૨૧,૩૭૦ થઈ ગઈ છે. જેમાં ૧૬,૩૧૯ એક્ટિવ કેસ છે. જ્યારે ૪૩૭૦ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યાં છે. જ્યારે દેશમાં અત્યાર સુધી આ વાઈરસના કારણે મરનારા લોકની સંખ્યા ૬૮૧ થઈ ગઈ છે. બીજી તરફ ગુરૂવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે રજૂ કરેલા આંકડા પ્રમાણે, દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૨૧૩૯૩ થઈ ગઈ છે. જેમાંથી ૧૬૪૫૪ કેસ એક્ટિવ છે અને ૪૨૫૮ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે. કોરોનાની સૌથી વધુ અસર મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૧ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે અહીં ૧૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૫૬૪૯ થઈ ગઈ છે અને ૨૬૯ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં છેલ્લા ૧૨ કલાકમાં કોરોના વાઈરસના ૯૨૨ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે ૨૯ લોકોના મોત થયા છે.

# ૨૧૦ દેશોમાં કેસોની સંખ્યા ૨૬ લાખથી વધુ

**વિશ્વમાં મોતનો આંક વધીને ૧૮૪૨૮૦ : હજુ ૫૮ હજારથી વધારે લોકો ગંભીર સ્થિતીમાં**

નવી દિલ્હી,તા. ૨૨

કોરોના વાયરસનો ખતરનાક તાંડવ દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. કુલ ૨૧૦ દેશોમાં કોરોનાના કારણે મોતનો આંકડો વધીને ૧૮૪૨૮૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા ૨૬ હજારથી વધારે પહોંચી ગઈ છે. દુનિયાના પ્રભાવિત દેશોમાં અમેરિકા પ્રથમ સ્થાને છે. અહીં ૪૭ હજારથી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. દુનિયાના દેશોમાં એક્ટિવ કેસોની સંખ્યા હજુ ૧૭૩૩૦૪૭ રહેલી છે. જ્યારે ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૮ હજારથી વધારે રહી છે. સ્પેન, ફ્રાન્સ અને ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા,

● અનુસંધાન પાન-૭ પર

